

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

● **જિલ્લામાં ૪૪૬ કિસ્સામાં બિનખેતીની મંજુરી ૩૯.૫ કરોડનુ પ્રિમિયમ વસુલાયુ**

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે રજુ કરેલા બિનખેતી અંગેના પ્રશ્ન અંગે મહેસુલ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવાયુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બિનખેતી પરવાનગી મેળવવા માટે કુલ ૧૦૮૬ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૪૪૬ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે આ અન્વયે બિનખેતી પ્રિમિયમને પાત્ર જમીનોને બિનખેતી પરવાનગી આપવા સરકારે ૩૯.૫ કરોડના પ્રિમિયમની વસુલાત કરવામાં આવી છે.

● **જમીન બિનખેતી તેમજ જુની શરતમાં ફેરવવા માટે ૬૭ કિસ્સામાં મંજુરી**

બોરસદના ધારાસભ્યએ રજુ કરેલા જમીનને જુની શરતમાં ફેરવવાના પ્રશ્નના જવાબમાં મહેસુલ મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવાયા મુજબ એક વર્ષમાં સરકારને ખેતી હેતુ માટે ૧૨૦ અને બિનખેતી હેતુ માટે ૨૨૬ અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૬૭ કિસ્સામાં અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે બિનખેતી હેતુ માટે જમીન જુની શરતમાં ફેરવવા માટે ૩૧.૦૭ કરોડનુ પ્રિમિયમ વસુલવામાં આવ્યુ છે.

● **ઇન્દિરા ગાંધી વૃધ્ધ પેન્શન યોજના અન્વયે ૧૫૮ અરજી નામંજુર**

ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અન્વયે ચારેય તાલુકામાંથી કુલ ૫૯૯ અરજીઓ મળી છે. દહેગામના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ આપેલા જવાબમાં જણાવાયા મુજબ આ પૈકી ૩૯૯ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે ૧૫૮ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. નિયત ઉંમર ન ધરાવતા હોય તેમજ બી પી એલ યાદીમાં નામ ન હોય તેવા કિસ્સામાં અરજીઓ નામંજુર થઈ છે.

● **એક વર્ષમાં સરકારી પડતર ૯ .૧૧ લાખ ચોમી જગ્યા વિવિધ હેતુ માટે ફાળવવામાં આવી**

મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પડતર, ગૌચર અને ખરાબાની જમીન શા ભાવે કયા હેતુથી કોને ફાળવવામાં આવી અને ફાળવવામાં આવેલી જગ્યાનો ઉપયોગ કોના દ્વારા કયા હેતુ માટે થયો તેવા પ્રશ્નના જવાબમાં મહેસુલ મંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવાયા મુજબ દહેગામ , કલોલ અને માણસામાં આ પ્રકારની જમીન ફાળવવામાં આવી નથી. જયારે ગાંધીનગર તાલુકામાં સરકારી પડતર અને તળાવ માટેની જગ્યા વિના મુલ્યે તેમજ એક રૂપિયાના ટોકન દરે વિવિધ હેતુથી ફાળવવામાં આવી છે. જેમાં રમતગમતના મેદાન માટે ૪૦૪૭ ચો મી જગ્યા ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને ફાળવવામાં આવી છે. આ ઉપરાંત ૫૦૨ ચો મી જગ્યા પ્રાથમિક શાળાના ઓરડા માટે વિનામુલ્યે તેમજ ઘન કચરાના નિકાલ માટે સરકારી પડતર જમીન ૨૦૨૩૫ ચો મી પેથાપુર નગરપાલિકાને ફાળવવામાં આવી છે. જયારે ૬૮૪૨૨૧ ચો મી જગ્યા ઈકોલોજીકલ પાર્ક માટે નાયબ વન સંરક્ષકને ફાળવવામાં આવી છે. આ આ ઉપરાંત શેરથા ગ્રામ પંચાયત ૨૨૬ ચો મી જગ્યા મૃત પશુના નિકાલ માટેની વ્યસ્થા માટે ફાળવવામાં આવી છે. જયારે ગાંધીનગર મહાનગરપાલિકાને પણ સરકારી પડતર ઘન કચરાના નિકાલ માટે ૨૦૨૩૫૦ ચો મી જગ્યા ફાળવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



તડબૂતનું આગમન - ઉનાળાના આગમનને પગલે શહેરમાં તડબૂચ પણ આવી ચૂક્યા છે... શહેરના માર્ગો પર અને શાકમાર્કેટમાં મોટા જથ્થામાં તડબૂચ ખડકાયા છે... ગરમીમાં તડબૂચ આરોગ્ય જાળવવામાં ખૂબ જ ઉપયોગી છે... ગરીબ અને મધ્યમવર્ગ માટે તડબૂચ હાથવગુ છે અને સ્વાસ્થ્ય માટે પણ મહત્વનું છે...

# જિલ્લા પંચાયતની બજેટ બેઠક ૨૨મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૨મી માર્ચના રોજ પંચાયતના સરદાર હોલમાં પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરના અધ્યક્ષસ્થાને મળશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર પંચાયત પ્રમુખ દ્વારા રજુ કરવામાં આવશે. જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરની મુદત પૂર્ણ થવામાં હોઈ તેમનું આ બજેટ તેમના કાર્યકાળનું અંતિમ બજેટ હશે.

આ બેઠકમાં અન્ય સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધ બહાલ રાખવા ઉપરાંત ટેન્ડરોની મંજૂરી તેમ જ અન્ય કામોને એજન્ડામાં સમાવવામાં આવશે.

બપોરે ૧૨ વાગે મળનારી આ બજેટ બેઠકમાં બજેટને મંજૂરી આપવા ઉપરાંત મનરેગાનું લેબર બજેટ પણ ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રજુ કરવામાં આવશે જેને પણ બહાલી આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ બજેટ બેઠક એ રૂટીન બેઠક છે પરંતુ ભાજપ આ બજેટ બેઠકમાં વિકાસના વિવિધ મુદ્દાઓ ઉભા કરી અને સત્તાધારી પક્ષને ભીંસમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૪૪ ફરિયાદો શરતભંગની મળી છે

**સૌથી વધુ કલોલમાં ૧૮ ફરિયાદો, ગાંધીનગરમાં સરકારે ફાળવેલ જમીનોમાં ૨ કેસમાં કાર્યવાહી શરતભંગની કરાઈ છે : ૧૭ ફરિયાદોમાં સુનાવણી ચાલુ છે તો ૧૭ ફરિયાદોની ચકાસણી થઈ રહી છે : પાંચ કેસમાં સરકારે ૫ હેક્ટરથી વધુ જમીન શ્રી સરકાર પણ કરી છે : મહેસુલ મંત્રી સરકાર શરતભંગના કેસોમાં ઉંઘે છે : બળદેવજી ઠાકોર; ગાંધીનગરની આસપાસ ફળવાયેલ જમીનમાં પણ શરતભંગ થયો હોવાનો આક્ષેપ કરતા ડો. સી.જે. ચાવડા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં મહેસુલી કાયદાની વિવિધ કલમો અંતર્ગત ૪૪ ફરિયાદો શરતભંગની મળી છે. ૪૨ હેક્ટર ૬૪ આરે ૯૧ ચો.મી. જમીન પર શરતભંગની ફરિયાદો મળી છે.

આજે રાજ્ય વિધાનસભામાં કોંગીના બળદેવજી ઠાકોરે પુછેલા આ અંગેના પ્રશ્નના ઉત્તરમાં મહેસુલમંત્રીશ્રી કૌશિક પટેલે જણાવ્યુ છે કે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ હેઠળ કલમ-૬૫-૬૬-૬૭મનાં શરત ભંગ થયાની ૩૦ ફરિયાદો મળી છે. જેમાં કુલ જમીન ૨૮ હેક્ટર ૬૨ આરે ૫૫ ચો.મી. છે.

ગુજરાત ગણોત વહીવટ અને ખેત જમીન અધિનિયમ-૧૯૪૮ અન્વયે ૧૪ ફરિયાદો મળી છે. જેમાં ૧૪ હેક્ટર ૨ આરે ૩૬ ચો.મી. જમીન છે. શરતભંગની સૌથી વધુ ફરિયાદો જિલ્લાના કલોલ તાલુકામાંથી ૧૮, ગાંધીનગરમાંથી ૧૨, દહેગામમાંથી ૧૦ અને માણસામાંથી ૪ ફરિયાદો મળી છે.

મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૨૪-૧-૧૮ની સ્થિતિએ આ ફરિયાદો પૈકી ૫ કેસમાં ૫ હેક્ટર, ૭૫ આરે ૮૩ ચો.મી. જમીન શ્રી સરકાર કરી અને તેનો કબ્જો સરકારે લઈ લીધો છે તેમજ સરકારી પડતર તરીકે દાખલ કરવામાં આવી છે.

મહેસુલમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૪૪ અરજીઓ પૈકી ૨ અરજીમાં દંડ વસુલવામાં આવ્યો છે. ૩ અરજીમાં શરતભંગ થયો નહિ હોવાનું ચકાસણી દરમ્યાન જણાયુ છે. ૧૭ અરજીઓ પર હાલ સુનાવણી વિવિધ તબક્કે ચાલી રહી છે જ્યારે ૧૭ કેસો તંત્રની ચકાસણી હેઠળ છે.

કૌશિકભાઈ પટેલે જણાવ્યુ હતુ કે શરતભંગની કાર્યવાહી વૈદ્યાનિક જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. ધારાસભ્યશ્રીએ પ્રશ્ન ૨૦૧૮માં કર્યો છે પણ સરકારે તેની કામગીરી તો ૨૦૧૭માં જ આરંભી દીધી હતી. સરકાર જાગે છે અને કાયદાનો અમલ થશે તેમાં કોઈ શંકા રાખવાની જરૂર નથી.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે કલોલના સર્વે નં. ૬૭૯/૨ માણેકબાગ પાર્ટી પ્લોટની ૧ હેક્ટર ૩૮ આરે ૧૪ ચો.મી. જગ્યા પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીન હતી. આ જમીનમાં બિન ખેતી પરવાનગી મેળવ્યા સિવાય બિન પરવાનગીએ પાર્ટી પ્લોટ તથા અન્ય કાચુ પાકુ બાંધકામ કરેલ હોઈ જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ તથા ગણોતધારાની કલમ ૬૩ના ભંગ બદલ મામલતદાર કૃષિ પંચે આદેશ કરી આ જમીન સરકાર હસ્તક લેવાના હુકમ કર્યા હતા.

આ હુકમ સામે અપીલ કરવામાં જમીન સુધારણા ડે. કલેક્ટરને કરાઈ હતી. તેમણે પણ સુનાવણીને અંતે મામલતદારના આદેશને માન્ય રાખી બહાલી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# સરકાર દ્વારા જમીનોની લ્હાણીનો મુદ્દો કોંગ્રેસે સામુહિક રીતે ઉઠાવ્યો

**સરકાર કહે છે એક વર્ષમાં પાંચ કિસ્સામાં જમીન ફાળવી છે જેમાં બે જમીનો લેન્ડફિલ્ડ સાઈટ માટે તો એક જમીન પ્રા. શાળા અને મેદાન માટે; એક જમીન ઈકોલોજી પાર્ક માટે અને એક જમીન મૃત પશુના નિકાલ માટે ફાળવી છે : મહેસુલ મંત્રી**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં સરકારી જમીનોની લ્હાણી કરવામાં આવી રહી હોવાના મુદ્દે આજે કોંગ્રેસ પક્ષના ૨૦ સભ્યોએ પ્રશ્નો પુછી સરકારને ભીંસમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

ગુજરાત વિધાનસભામાં આજે મહેસુલ વિભાગની પ્રશ્નોત્તરીમાં ૨૦ પ્રશ્નો ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણીને લઈ પુછવામાં આવ્યા હતા. મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા એક વર્ષમાં સરકારી પડતર જમીનોમાંથી પાંચ કિસ્સામાં ગાંધીનગર તાલુકામાં જમીન ફાળવણી કરવામાં આવી છે. જેમાં ૪૫૦૦ ચો.મી. થી વધુ જમીન રમત-ગમતના મેદાન માટે તેમજ પ્રા. શાળાના ઓરડા માટે પ્રા. શિક્ષણાધિકારીને ફાળવવામાં આવી છે. તો ૨,૨૨૨,૫૮૫ ચો.મી. જમીન ગાંધીનગર મનપા અને પેથાપુર નગરપાલિકાને લેન્ડફિલ્ડ સાઈટ માટે ફાળવવામાં આવી છે. આ ઉપરાંત ૬૮ હજારથી વધુ ચો.મી. ઈકોલોજી પાર્ક માટે ફાળવવામાં આવી છે. તો શેરથામાં ૨૨૬ ચો.મી. જગ્યા મૃત પશુઓના નિકાલ માટે સરપંચ શેરથા ગ્રામ પંચાયતને ફાળવવામાં આવી છે. દહેગામ, માણસા અને કલોલ તાલુકામાં એક તસુ પણ જગ્યાની ફાળવણી સરકાર દ્વારા કરવામાં આવી નહિ હોવાનું મહેસુલમંત્રીએ જણાવ્યુ હતુ. આ ઉપરાંત મહેસુલ મંત્રીશ્રીએ કાળાભાઈ ડાભઈના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૪ જેટલા ટ્રસ્ટો દ્વારા પડતર જમીનની માંગણી કરવામાં આવી છે. આ ૧૪ ટ્રસ્ટોમાં ૪ જેટલા ટ્રસ્ટોએ તેમની જરૂરિયાત અરજીમાં દર્શાવી નથી સરકારે આ એક પણ અરજદારને જમીન ફાળવી નથી.

# જિલ્લામાંથી ૪૯૩૮૮ વિદ્યાર્થીઓ ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા આપશે

**જિલ્લામાં ૧૫૩ પરીક્ષા સ્થળો પર ૧૭૯૧ બ્લોકમાં વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા : ૧૭૭૪ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વોચ : ૧૧ બ્લોકમાં ટેબલેટ મુકાશે : વિકલાંગ વિદ્યાર્થીઓ માટે સેન્ટ ઝેવિયર્સમાં બેઠક વ્યવસ્થા : રાંધેજા ઇન્ટરનેશનલ સ્કુલમાં પણ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા**

ગાંધીનગર તા ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૧૨ માર્ચથી ધોરણ -૧૦ અને ૧૨ ની પરીક્ષાનો પ્રારંભ કરવામાં આવશે. બોર્ડ પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. ત્યારે વિદ્યાર્થીઓ આખરી સપ્તાહમાં પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે જયારે શિક્ષણતંત્રએ પણ પરીક્ષાલક્ષી તૈયારી કરી દીધી છે. જિલ્લામાં કુલ ૧૫૩ પરીક્ષા સ્થળોએ ૧૭૯૧ બ્લોકમાં પરીક્ષાલક્ષી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લામાંથી કુલ ૪૯૩૮૮ વિદ્યાર્થીઓ આ બોર્ડની કસોટી આપશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે ૧૭૯૧ પૈકી ૧૭૭૪ બ્લોકમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જયારે સી સી ટી વી કેમેરા ન હોય તેવા ૧૧ બ્લોકમાં કેમેરા મુકવામાં આવશે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ કરી દેવાયો છે.

આગામી સપ્તાહમાં શરૂ થનારી ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણતંત્ર દ્વારા તૈયારીઓ કરી દેવામાં આવી છે. આ અન્વયે પરીક્ષા સમિતિની બેઠકમાં પણ જરૂરી નિર્ણયો લેવાયા છે. જયારે પ્રથમવાર બાર્ડના પ્રશ્નપત્રોના બંડલ પરીક્ષાર્થીઓની સહી લઈને ખોલવામાં આવશે. ધોરણ -૧૦માં ૮૭ પરીક્ષા સ્થળ તેમજ ૧૦૮૪ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે ૩૧૬૦૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહને અનુલક્ષી ૪૧ પરીક્ષા સ્થળોએ ૪૨૮ બ્લોકમાં ૧૨૨૫૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે ૪૨૬ બ્લાકમાં સી સી ટી વી કેમેરાની વોચ રહેશે. આ ઉપરાંત ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨૫ પરીક્ષા સ્થળોએ ૨૭૯ બ્લોકમાં ૫૫૨૬ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં હાજરી આપશે. ધોરણ -૧૦ અને ૧૨ ને અનુલક્ષીને કુલ ૧૫૩ પરીક્ષા સ્થળો પર ૧૭૯૧

● અનુસંધાન પાન-૭ પર

### કાઉન્સિલરોની નિમણુંક

| | | |
|---|---|---|
| ગાંધીનગર | કે સી પેટલ | ૯૪૨૭૫૨૦૮૨૧ |
| કલોલ | શારદાબેન ચૌધરી | ૯૪૨૯૩૧૦૪૨૨ |
| માણસા | સુરેશ પટેલ | ૯૪૨૬૩૪૮૭૯૩ |
| દહેગામ | સંજય રાવલ | ૯૯૨૪૦૪૧૦૦૦ |

### પરીક્ષાને અનુલક્ષી કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. જયારે પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા બેઠક વ્યવસ્થા સહીતનુ સઘળુ આયોજન કરી દેવાયુ છે. બીજીતરફ દરવર્ષની જેમ આ વર્ષે પણ કન્ટ્રોલ રૂમ શરૂ કરી દેવાયો છે. જેમાં કન્ટ્રોલ રૂમના વહીવટી અધિકારી તરીકે ડો નેન્સીબેન ગુપ્તે તેમજ સિનિયર કારકુન ભવાનભાઈ પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. પરીક્ષા લક્ષી કોઈપણ પ્રકારની મુંઝવણ માટે વિદ્યાર્થી વાલીઓએ કચેરીના ફોન નં- ૨૩૨૫૯૦૬૬ પર સંપર્ક કરવાનો રહેશે.

# મનપા દ્વારા સેકટરોમાં રંગમંચોનુ રીનોવેશન કરાશે

**સેકટરોમાં આંગણવાડી બનશે : મહાનગરપાલિકાના કોન્ફરન્સ રૂમનુ રીનોવેશન કરાશે**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગરપાલિકા સેકટરોમાં નવી આંગણવાડી તેમજ રંગમંચો બનાવશે. આ ઉપરાંત મહાનગરપાલિકાના પ્રથમ માળે સ્થિત કોન્ફરન્સ રૂમનુ રીનોવેશન પણ કરવામાં આવશે. આ ત્રણેય કામો પાછળ અંદાજિત રૂ ૯.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા બિલ્ડીંગના પ્રથમ માળે સ્થિત કોન્ફરન્સ રૂમના રીનોવેશનનુ કામ હાથ ધરાશે. આ અન્વયે રૂમનુ ફલોરીંગ, વોલફિનિશ સીલીંગ, ગ્સાસડોર, કોન્ફરન્સ ટેબલ એકઝિકયુટીવ ચેઅર ,હાઈફાઈ કોન્ફરન્સ સિસ્ટમ એલ સી ડી પ્રોજેકટર , એલ ઈ ડી લાઈટ તેમજ બે નવા એ સી પણ રૂમમાં મુકાશે. આ ઉપરાંત બાસણમાં તેમજ સેકટર -૬,૧૩,૨૪,૨૭, અને સે-૨૦ માં નવી આંગણવાડી બનાવાશે. આ કામગીરી પાછળ રૂ ૯૩.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે સે-૨૦,૨૨,૨૮,,૨૯ અને સે-૩૦ માં રંગમંચ નવિનીકરણ માટે રૂ ૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. રંગમંચના ફલોરીંગ, સ્ટેજ, ગ્રીનરૂમ,રસોડુ વોચમેનરૂમ સહીતની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. રંગમંચના રીનોવેશનનુ કામ આગામી સપ્ટેમ્બર મહીનામાં પુર્ણ કરી દેવાશે.

# એક જ દિવસમાં ગાંધીનગર જિલ્લાના૩૪ પ્રશ્નો પૂછાયા

**૨૦૧૦માં જર્નુમને લઈ ૧૫ જેટલા પ્રશ્નો પુછાયા હતા : આજે જિલ્લામાં સરકારી જમીન ફાળવણીને લઈ ૨૦ પ્રશ્નો પુછાયા**

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભામાં આજે ગાંધીનગર જિલ્લાના ૩૪ પ્રશ્નો રજુ થયા હતા. જે પૈકી ૨૦ પ્રશ્નો ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જમીન ફાળવણીને લઈ રજુ થયા હતા.

એક જ દિવસે આટલી મોટી સંખ્યામાં પ્રશ્નો રજુ થયા હોય તે જિલ્લા માટે એક વિક્રમ છે.

૨૦૧૦માં જવાહરલાલ નેહરૂ અર્બન મિશનમાં શહેરના સમાવેશને લઈ ૧૫ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. જે ઉલ્લેખનીય છે. આજે ૩૪ પ્રશ્નોમાં મહેસુલ ઉપરાંત શ્રમ રોજગાર સામાજિક ન્યાય અધિકિરીતાને લગતા પણ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com